# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨૩/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ / ૭૧૩ તા. 21 OCT 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
રામજીભાઈ બેચરભાઈ હડિયેલ
મું. શેખપાટ,પો. અલીયાબાડા
તા. જામનગર
જી. :જામનગર, પીનકોડ : ૩૬૧૧૧૦ મોબાઈલ : ૯૯૭૯૪૨૬૬૫૫

વિષય : ખેતીવાડી વીજજોડાણ બાબત.

સંદર્ભે : રામજીભાઈ બેચરભાઈ હડિયેલ ની રજુઆત તારીખ: ૦૫.૦૭.૨૦૨૨

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૨૩/ક્વા-૦૨/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જામનગર શહેર-૧

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, હાપા

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં.: ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૫૧૩ તા. 21 OCT 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૩/ક્વા-૦૨/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી રામજીભાઈ બેચરભાઈ હડિયેલ ગામ – શેખપાટ, પો.- અલીયાબાડા

સબડીવીઝન: હાપા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૧

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: મંગળવાર (૨૭-૦૯-૨૦૨૨)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, મેં જામનગર ગ્રામ્ય હાપા સબ ડિવિઝન માં તારીખ-૧૧.૦૬.૨૦૨૧ ના રોજ રસીદ નંબર- ૮૬૫૮૨૮ થી રૂ. ૨૩૬/- ભરી ખેતીવાડી કનેક્શન મેળવવા અરજી કરેલ હતી. જે અરજીનો નોંધણી ક્રમાનુસાર વારો આવતા હાપા સબ ડિવિઝન તરફ થી સર્વે કરી ટેકનિકલ મંજૂરી મળતા કનેક્શન મેળવવા માટેની ચાર્જ ફી ભરવાની જાણ કરતાં તારીખ-૦૫.૦૩.૨૦૨૨ ના રોજ હાપા સબ ડિવિઝન માં રસીદ નં. RD ૮૫૫૨૭૫ થી રૂ. ૮૦૫૩/- ભરી દેવામાં આવેલ. ત્યારબાદ થાંભલા ખોડવામાં આવેલ પરંતુ કોઈપણ કારણોસર મારૂ ખેતીવાડી વિજ કનેક્શન ચાલુ કરેલ નથી. અને વારે વારે ધક્કા ખાવાથી આર્થિક રીતે નુકશાન થયેલ છે. નિયત સમય મર્યાદા માં કનેક્શન ચાલુ ન થવાથી મને ઘણું નુકશાન થયેલ છે. તો મને યોગ્ય ન્યાય અપાવો મારૂ ખેતીવાડી કનેક્શન ચાલુ કરવી આપવા આપ સાહેબ ને મારી નમ્ર વિનતી છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ ને જણાવવાનું કે, શેખપત ગામ ના ખાતેદાર ખેડૂત શ્રી રામજીભાઇ બેચરભાઈ હડિયલનું ખેતીવાડી કનેક્શન લગાડવા બાબત ની મૂળ અરજી તેમના દ્વારા તારીખ. ૦૫.૦૭.૨૨ ના રોજ કરેલ હતી તેમજ આ બાબતે આ કનેક્શન લગાડવા બાબત ની જરૂરી તાંત્રિક મંજૂરી મેળવી આ કનેક્શન તા. ૩૦.૦૭.૨૨ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે. જેથી ગ્રાહક ની ફરિયાદ નું સુખદ નિરાકરણ થતાં તેમણે સમાધાન પત્રક માં તા. ૦૨.૦૯.૨૨ ના રોજ સહી કરી આપેલ છે.

૨.૧ જેથી ગ્રાહક ને તેની ફરિયાદ નો સંતોષકારક રીતે સમાધાન થતાં તેમણે ફરિયાદ પરત ખેચેલ છે. અને તા. ૦૨.૦૯.૨૨ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની હાપા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ જામનગર શહેર-૧ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૦૨.૦૯.૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન